| | |
|---|---|
| **PUBLICATION NAME :** | **Sandesh (City Life)** |
| **EDITION :** | **Ahmedabad** |
| **DATE :** | **10/07/2022** |
| **PAGE:** | **1** |

EDII અમદાવાદના ડાયરેક્ટર જનરલ ડૉ. સુનીલ શુક્લાએ કહ્યું કે,

# ભવિષ્યમાં આત્મનિર્ભર બનવા માટે વિદ્યાર્થીકાળથી જ આપણે ઉદ્યોગસાહસિકતાને અપનાવવી પડશે

## EDIIએ વિવિધ યુનિવર્સિટીના પ્રોફેસર્સ માટે પાંચ દિવસીય 'આંત્રપ્રિન્યોરશિપ એજ્યુકેટર્સ ઓરિએન્ટેશન' પ્રોગ્રામ યોજ્યો

સિટી લાઇફ | ઈનોવેશનને પ્રોત્સાહન આપવા તથા વિદ્યાર્થીઓને ઉદ્યોગસાહસિકતા સાથે જોડવાના હેતુસર આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) વિવિધ યુનિવર્સિટીઝ સાથે મળીને પાયાના સ્તરે કામ કરી રહ્યું છે.EDII સાથે અત્યાર સુધીમાં એમએમએમયુટી, સીએસજેએમ, એકેટીયુ, એસવીપીયુએએન્ડટી જેવી યુનિવર્સિટીઝે રોપમેપ ઉપર કામ શરૂ કરી દીધું છે. આ અંતર્ગત EDII દ્વારા પાંચ યુનિવર્સિટી અને એક ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના ૨૦ પ્રોફેસર્સ માટે પાંચ દિવસીય આંત્રપ્રિન્યોરશિપ એજ્યુકેટર્સ ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો. આ પ્રસંગ EDII અમદાવાદના ડાયરેક્ટર જનરલ ડૉ. સુનીલ શુક્લાએ પ્રોફેસર્સને સંબોધન કરતાં ઉદ્યોગસાહસિકતાની મહત્ત્વતા ઉપર ભાર મૂકી કહ્યું કે, 'આપણે આત્મનિર્ભર બનવા માટે વિદ્યાર્થી જીવનથી જ ઉદ્યોગસાહસિકતાને અપનાવવી પડશે. હાલમાં યુનિવર્સિટીઝની લીડરશિપ જાગૃત અને અગ્રેસર છે. વિદ્યાર્થીઓ આંત્રપ્રિન્યોરશિપના પાઠ પહેલેથી જ શીખે તે માટે આ માટે શૈક્ષણિક સંસ્થાના પ્રોફેસર્સનું અવેર થવું ખૂબ જરૂરી છે.'



### સંસ્થામાં ઉદ્યોગસાહસિકતાનો માહોલ કેવી રીતે ઊભો કરવો તે સમજાવાયું

પાંચ દિવસીય ટ્રેનિંગ પ્રોગ્રામમાં ૨૦ સહભાગીઓને ટ્રેનિંગ અપાઈ હતી. આ ટ્રેનિંગ પ્રોગ્રામમાં પાર્ટીસિપન્ટ પ્રોફેસર્સને વર્તમાન સમયમાં ઉદ્યોગસાહસિકતા ક્ષેત્રે ઉપલબ્ધ તકો, કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ નાણાકીય સહાય યોજનાઓ, વિદ્યાર્થીઓ માટે નવા કોર્સ તૈયાર કરવા, વિદ્યાર્થીઓના આઈડિયાને સ્ટાર્ટ-અપ માટે પસંદ કરવા, ઈન્ક્યુબેશન અને પ્રી-ઈન્ક્યુબેશનની પ્રણાલી તથા સંસ્થાની અંદર ઉદ્યોગસાહસિકતાનો કેવી રીતે માહોલ વિકસિત કરવો તે અંગે ટ્રેનિંગ આપવામાં આવી હતી.